# LAW

Name & Signature of the Invigilator

.............................................

.............................................

## PAPER – II

## DEC-21/16

OMR Answer Sheet No. : | | | | | | |

Roll No. : | | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : .............................................

.............................................

Question Booklet Sl. No. 160427

**Time : 2 Hours]** **No. of Printed Pages : 48** **[Maximum Marks : 200**

### Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example :** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

### પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.
   **ઉદાહરણ** : (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્નકે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

DO NOT WRITE HERE

# LAW

## Paper – II

1. According to Aray, Jurisprudence is
   (A) a particular method of study, not of law of one country, but of the general notion of law itself
   (B) scientific synthesis of all essential principles of law
   (C) science of law, the statement and systematic arrangement of the rules followed by the courts and the principles involved in those rules
   (D) a science which endeavours to ascertain the fundamental principle of which law is the expression

2. Match the List – I (Books) with List – II (The Authors) and choose your correct answer by using the codes given below :

| List – I | List – II |
|---|---|
| a. Elements of Jurisprudence | 1. B. N. Cardozo |
| b. The Nature of Judicial Process | 2. H. L. A. Hart |
| c. Dilemmas of Law in the Welfare State | 3. T. A. Holland |
| d. The Concept of Law | 4. L. M. Friedman |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 4 | 2 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 4 | 2 | 1 | 3 |

1. આરેના મત મુજબ વિધિશાસ્ત્ર એ ____________ છે.
   (A) કોઇ એક દેશનો નહિ પરંતુ કાયદાની સામાન્ય બાબતનો અભ્યાસ કરવાની ચોકકસ પદ્ધતિ છે
   (B) કાયદાના તમામ અગત્યના સિદ્ધાંતોનું વૈજ્ઞાનિક અન્વેષણ છે
   (C) કાયદાનું વિજ્ઞાન અને અદાલતો દ્વારા પાળવામાં આવતા નિયમોની વ્યવસ્થિત ગોઠવણી અને આવા નિયમો હેઠળ ઉદ્ભવતા સિદ્ધાંતો છે
   (D) કાયદો જેની અભિવ્યકિત છે તેવા મૂળભૂત સિદ્ધાંતોની ખાતરી કરવા અંગેનુ વિજ્ઞાન છે

2. યાદી- I (પુસ્તકો) ને યાદી-II (લેખકો) સાથે જોડો અને તમારો જવાબ નીચેના વિકલ્પો માંથી પસંદ કરો:

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. એલીમેન્ટસ ઓફ જ્યુરીસ્પ્રુડન્સ | 1. બી.એન.કાર્ડોજો |
| b. નેચર ઓફ જ્યુડિશિયલ પ્રોસેસ | 2. એચ.એલ.એ. હાર્ટ |
| c. ડિલેમાસ ઓફ લો ઇન ધી વેલ્ફેર સ્ટેટ | 3. ટી.એ.હોલાન્ડ |
| d. ધી કન્સેપ્ટ ઓફ લો | 4. એલ.એમ.ફ્રિડમેન |

વિકલ્પો:

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 4 | 2 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 4 | 2 | 1 | 3 |

3. According to Professor Hart, the meaning of the term 'Positivism' includes

i. Laws are commands.

ii. The analysis of legal concepts is distinct from sociological and historical inquiries.

iii. Moral judgements cannot be established or defended by rational argument, evidence or proof.

iv. The 'as it is' actually laid down, has to be kept separate from the law that ought to be.

Choose your answer, using the codes given below :

**Codes :**

(A) Only i and iii are right

(B) Only i, ii and iii are right

(C) Only i, iii and iv are right

(D) All i, ii, iii and iv are right

3. પ્રોફેસર હાર્ટના મત પ્રમાણે 'હકારાત્મકતા' શબ્દના અર્થમાં ________ નો સમાવેશ થાય છે.

i. કાયદા એ આદેશો છે.

ii. કાયદાના ખ્યાલોનું અન્વેષણ સામાજીક અને ઐતિહાસિક પૂછપરછોથી અલગ છે.

iii. નૈતિક ચુકાદાઓને તાર્કિક ગોઠવણી, પુરાવાના આધારે સ્થાપિત કરી કે બચાવ કરી શકાય નહિ

iv. 'યથા પરિસ્થિતિ' જેને ખરેખર નકકી કરવામાં આવેલ છે તેને કાયદો કેવો હોવો જોઈએ તે બાબતથી અલગ રાખવો જોઈએ.

તમારો જવાબ નીચે આપેલા વિકલ્પોના આધારે શોધો:

વિકલ્પો:

(A) માત્ર i અને iii સાચા છે

(B) માત્ર i, ii અને iii સાચા છે

(C) માત્ર i, iii અને iv સાચા છે

(D) તમામ i, ii, iii અને iv સાચા છે

**4.** Which of the following statement is incorrect ?

(A) In Jurisprudence, we are concerned to reflect on the nature of legal rules

(B) In Jurisprudence, we are concerned to derive rules from authority and apply them to the problems

(C) In Jurisprudence, we are concerned on the essential features of legal systems

(D) In Jurisprudence, we are concerned on the underlying meaning of legal concepts

**5.** Match the 'Theory' with the 'Jurists' who developed the theories and choose your answer using the codes given below :

| Theory | Jurists |
|---|---|
| a. Theory of Living Law | 1. Ehrlich |
| b. Imperative Theory of Law | 2. Duguit |
| c. Theory of Social Solidarity | 3. John Austin |
| d. Theory of Categorical Imperative | 4. Emanuel Kant |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 1 | 2 | 4 | 3 |
| (D) | 4 | 3 | 2 | 1 |

**4.** નીચે દર્શાવ્યા પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) વિધિ શાસ્ત્રમાં આપણે કાયદેસરના નિયમોના સ્વરૂપ સાથે સબંધ ધરાવીએ છીએ

(B) વિધિશાસ્ત્રમાં આપણે સતા પાસેથી મેળવાયેલા નિયમો અને તેને કોયડાઓ પર ઉપયોગ કરવા સાથે સબંધ ધરવીએ છીએ

(C) વિધિશાસ્ત્રમાં આપણે કાનૂની પ્રક્રિયાના મહત્વના લક્ષણો સાથે સબંધ ધરાવીએ છીએ

(D) વિધિશાસ્ત્રમાં આપણે કાનૂની ખ્યાલોના અંતર્ગત અર્થો સાથે સબંધ ધરાવીએ છીએ

**5.** નીચે આપેલ સિદ્ધાંતને જે તે વિદ્વાન સાથે જોડો કે જેમને તે સિદ્ધાંત વિકસાવેલ છે અને તમારો જવાબ નીચેના વિકલ્પો માંથી પસંદ કરો:

| સિદ્ધાંત | વિદ્વાન |
|---|---|
| a. જીવતા કાયદાનો સિદ્ધાંત | 1. એહર્લિક |
| b. કાયદાની અનિવાર્યતાનો સિદ્ધાંત | 2. ડ્ગેત |
| c. સામાજીક એકતાનો સિદ્ધાંત | 3. જહોન ઓસ્ટિન |
| d. સ્પષ્ટ અનિવાર્યતાનો સિદ્ધાંત | 4. એમેન્યુઅલ કાંત |

વિકલ્પો:

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 1 | 2 | 4 | 3 |
| (D) | 4 | 3 | 2 | 1 |

6. Which of the following is not a theory of corporate personality ?

(A) Fiction Theory

(B) Interest Theory

(C) Bracket Theory

(D) Will Theory

6. નીચે દર્શાવ્યો પૈકીની કઇ વિચાર સરણી નીગમીત વ્યકિતત્વની વિચારસરણી નથી ?

(A) કાલ્પનિક વિચાર સરણી

(B) હિત વિચાર સરણી

(C) બ્રેકેટ વિચાર સરણી

(D) ઇચ્છા વિચાર સરણી

7. Read the Assertion (A) and Reason (R) and choose your answer from the codes given below :

**Assertion (A) :** A legal right is a legally protected interest.

**Reason (R) :** An element of advantage is essential to constitute right.

**Codes :**

(A) Both (A) and (R) are right and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are right and (R) is not the correct explanation of (A)

(C) (A) is right and (R) is wrong

(D) (A) is wrong and (R) is right

7. નીચે આપેલ નિશ્ચયાત્મક વિધાન (A) તથા કારણ (R) વાંચો અને તમારો જવાબ નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો:

નિશ્ચયાત્મક વિધાન (A): કાનૂની અધિકાર એ કાનૂની રીતે રક્ષણ કરવામાં આવેલું હિત છે.

કારણ (R): ફાયદા તત્વ કોઇ અધિકારના ગઠન માટે અગત્યનું છે.

વિકલ્પો:

(A) બંને (A) અને (R) સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(B) બંને (A) અને (R) સાચાં છે અને (R) એ (A)ની સાચી સમજૂતી નથી

(C) (A) સાચું છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

8. The liability has been defined as 'the bond of necessity that exists between the wrongdoer and the remedy of the wrong' by
(A) Salmond (B) Holland
(C) Austin (D) Bentham

8. નીચેના પૈકી કોણે જવાબદારીની વ્યાખ્યા આ પ્રકારે કરી છે ? - જવાબદારી એ જરૂરિયાતનું બંધન છે કે જે ખોટું કરનાર તેમજ ખોટા કૃત્યનો ઉપચાર વચ્ચે અસ્તિત્વ ધરાવે છે.
(A) સામંડ (B) હોલાન્ડ
(C) ઓસ્ટિન (D) બેન્થામ

9. A 'buyer purchasing a book from the shopkeeper' falls under which kind of possession ?
(A) Immediate possession
(B) Corporeal possession
(C) Mediate possession
(D) Incorporeal possession

9. દુકાનદાર પાસેથી પુસ્તક ખરીદનાર વ્યકિત કયા પ્રકારનો 'કબજો' ધરાવશે ?
(A) આસન્ન કબજો
(B) મૂર્ત કબજો
(C) દુરસ્થ કબજો
(D) અમૂર્ત કબજો

10. "Post modernism is a notoriously ambiguous concept". Who said this ?
(A) Lloyd
(B) Bentham
(C) C. K. Allen
(D) Rosco Pound

10. નીચેનામાંથી કોને આ વાકય કહેલું ? - "આધુનિકતાવાદની વિચારસરણી કુખ્યાત રીતે અસંદિગ્ધ ખ્યાલ છે."
(A) લોયડ
(B) બેન્થામ
(C) સી.કે.એલન
(D) રોસ્કો પાઉન્ડ

11. Who said that "The new Constitution establishes, indeed a system of Government which is at the most quasi-federal, almost devolutionary in character, a unitary state with subsidiary federal features rather than federal state with unitary features" ?
(A) Pandit Jawaharlal Nehru
(B) Dr. B. R. Ambedkar
(C) Dr. K. C. Wheare
(D) Dr. Rajendra Prasad

11. "નવું બંધારણ એવી સરકારી પદ્ધતિનું સ્થાપન કરે છે કે જે સર્વાધિક અર્ધ-સમાવાચી, મહદંશે વિતરણ કારી પ્રકારની, તેમજ એકતંત્રી લક્ષણો ધરાવતા સમવાચી રાજ્ય કરતાં ગૌણ સમવાચી લક્ષણો ધરાવતું એક તંત્રી રાજ્ય નું સ્થાપન કરે છે." - આ વિધાન કોના દ્વારા કહેવામાં આવેલ ?
(A) પંડિત જવાહરલાલ નેહરૂ
(B) ડૉ. બી. આર. આંબેડકર
(C) ડૉ. કે.સી.વ્હેરે
(D) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

12. In which case, the Supreme Court struck down the provision in the service rules requiring a female employee to obtain the permission of the Government in writing before her marriage is solemnized ?

(A) C. B. Muthamma Vs. Union of India

(B) Nilabati Behera Vs. State of Orissa

(C) State of West Bengal Vs. Bela Banerjee

(D) Maneka Gandhi Vs. Union of India

12. નીચે દર્શાવ્યા પૈકી કયા કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા સેવાના નિયમોમાં રહેલી એવી જોગવાઇ રદ કરવામાં આવેલી કે જેમાં કોઇ મહિલા કર્મચારીએ લગ્ન કરતા પહેલાં સરકાર પાસેથી લેખિતમાં પરવાનગી પ્રાપ્ત કરવાની જોગવાઇ કરેલ હતી ?

(A) સી.બી.મુથમ્મા વિરૂદ્ધ ભારત સરકાર

(B) નીલાબાતી બહેરા વિરૂદ્ધ ઓરિસ્સા રાજ્ય

(C) પશ્ચિમ બંગાળ રાજ્ય વિરૂદ્ધ બેલા બેનર્જી

(D) મેનકા ગાંધી વિરૂદ્ધ ભારત સરકાર

13. In which case, the Supreme Court upheld the constitutional validity of the Constitution (93rd Amendment) which introduced Article 15 (5) ?

(A) Indra Sawhney Vs. Union of India

(B) M. Nagaraj Vs. Union of India

(C) Ashok Kumar Thakur Vs. Union of India

(D) TMA Pai Foundation Vs. State of Karnataka

13. નીચે દર્શાવેલાં કેસો પૈકી કયા કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા બંધારણના ૯૩ મા સુધારાની સંવૈધાનિકતાને માન્ય રાખવામાં આવી કે જેના આધારે ૧૫ (૫)ને અનુચ્છેદ ઉમેરવામાં આવેલો ?

(A) ઇન્દ્ર શૈની વિરુદ્ધ ભારત સરકાર

(B) એમ. નાગરાજ વિરુદ્ધ ભારત સરકાર

(C) અશોક કુમાર ઠાકુર વિરુદ્ધ ભારત સરકાર

(D) ટી એમ એ પાઇ ફાઉન્ડેશન વિરુદ્ધ કર્ણાટક રાજ્ય

14. Match the List – I with the List – II and select the correct answer by using the codes given below :

| List – I | List – II |
|---|---|
| a. Ex post facto Laws | 1. Indirect interference in the field of another legislation |
| b. Doctrine of Colourable Legislation | 2. To maintain balance between provisions of laws in case of conflict |
| c. Doctrine of Harmonious Construction | 3. One cannot be punished for an Act that was not declared as an offence at the time of doing the Act |
| d. Doctrine of Severability | 4. Only such provisions of an Act are void which are inconsistent with the Fundamental Rights |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 3 | 2 | 1 | 4 |
| (C) | 4 | 2 | 1 | 3 |
| (D) | 3 | 1 | 2 | 4 |

14. નીચે દર્શાવેલ યાદી-I ને યાદી-II સાથે જોડો અને નીચે આપેલાં વિકલ્પોમાંથી સાચાં જવાબો પસંદ કરો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. પશ્ચાદવર્તી કાયદા | 1. અન્ય કાયદાના ક્ષેત્રમાં પરોક્ષ હસ્તક્ષેપ |
| b. મિશ્રીત (કલરેબલ) કાયદાનો સિદ્ધાંત | 2. વિવાદના સંજોગોમાં કાયદાની જોગવાઇઓ વચ્ચે સંતુલનની જાળવણી |
| c. સુમેળભર્યા અર્થઘટનનો સિદ્ધાંત | 3. કૃત્ય કરતી વખતે તેને ગુનો જાહેર કરતો કાયદો અસ્તિત્વમાં નહોય તો તે કૃત્ય માટે વ્યકિતને સજા કરી ન શકાય |
| d. વિભાજનનો સિદ્ધાંત | 4. જે જોગવાઇઓ મૂળભૂત અધિકારો સાથે અસંદિગ્ધ હોય તેવી કાયદાની જોગવાઈઓ જ રદબાતલ ગણાય |

વિકલ્પો:

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 2 | 3 |
| (B) | 3 | 2 | 1 | 4 |
| (C) | 4 | 2 | 1 | 3 |
| (D) | 3 | 1 | 2 | 4 |

15. Read the Assertion (A) and Reason (R) and find out the correct answer from the codes given below :

**Assertion (A) :** The entries in the three legislative lists are not always set out with scientific provision and definition.

**Reason (R)** : The entries are not powers but are only fields of legislation.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true and (R) is false

(D) (A) is false and (R) is true

16. Which of the following is/are correct ? Choose the answer using the codes given below ?

i. It shall be the duty of every citizen to respect the country and the Constitution.

ii. All minorities, whether based on religion or language, have the right to establish and administer educational institutions.

iii. Decisions regarding disqualification of members of Lok Sabha are taken by the leader of the House.

iv. Conduct of a judge of the Supreme Court of India cannot be discussed in the Parliament.

**Codes :**

(A) only i, ii and iii are correct

(B) only i, ii and iv are correct

(C) only ii, iii and iv are correct

(D) i, ii, iii and iv all are correct

15. નિશ્ચયાત્મક વિધાન (A) અને કારણ (R) વાંચો અને નીચે આપેલાં વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

નિશ્ચયાત્મક વિધાન-(A) ત્રણ કાયદાલક્ષી સૂચિઓમાં રહેલ યાદીઓ વિષયો હંમેશા વૈજ્ઞાનિક જોગવાઈઓ અને વ્યાખ્યાઓ સાથે ઘડવામાં આવતી નથી.

કારણ -(R) વિષયો સતા નથી પરંતુ માત્ર કાયદાના ક્ષેત્રો સુચવે છે.

વિકલ્પો:

(A) બંને (A) અને (R) સાચાં છે (R) એ (A) ની સાચી સમજૂતિ છે

(B) બંને (A) અને (R) સાચાં છે પણ (R) એ (A) ની સાચી સમજૂતિ નથી

(C) (A) સાચુ છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

16. નીચે દર્શાવવા પૈકી કયા સાચા છે ? વિકલ્પોના આધારે તમારો જવાબ આપો.

i. દરેક નાગરિકની દેશ અને બંધારણને આદર રાખવાની ફરજ રહેશે.

ii. ધર્મ અથવા ભાષાના આધારે રહેલ તમામ લઘુમતિઓને શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને સંચાલન કરવાનો અધિકાર છે.

iii. લોક સભાના સભ્યોની ગેરલાયકાત અંગે નિર્ણયો ગૃહના નેતા દ્વારા લેવામાં આવે છે.

iv. સર્વોચ્ચ અદાલત ના જજની વર્તણૂંકની ચર્ચા સંસદમાં કરી શકાય નહિ.

વિકલ્પો:

(A) માત્ર i, ii અને iii સાચાં છે

(B) માત્ર i, ii અને iv સાચાં છે

(C) માત્ર ii, iii અને iv સાચાં છે

(D) i, ii, iii અને iv તમામ સાચા છે

17. Match the List – I with List – II and choose the correct answer by using the codes given below :

| List – I | List – II |
|---|---|
| a. Independence of Judiciary | 1. Administrative adjudication |
| b. Executive Legislation | 2. Parliamentary form of the Government |
| c. Quasi-Judicial Function | 3. Appointment and transfer of Judges |
| d. Collective Responsibility | 4. Ordinance |

**Codes :**

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 3 | 1 | 4 | 2 |

17. યાદી- I ને યાદી- II સાથે જોડો અને સાચો જવાબ નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. ન્યાયપાલિકાની સ્વતંત્રતા | 1. વહિવટી નિર્ણય |
| b. વહિવટી કાયદો | 2. સરકારનું સંસદીય સ્વરૂપ |
| c. અર્ધ-ન્યાયિક કાર્ય | 3. જજોની નિમણૂંક અને ટ્રાન્સફર |
| d. સામૂહિત જવાબદારી | 4. વટ હૂકમ |

વિકલ્પો:

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 3 | 1 | 4 | 2 |

18. The Constitution of India's One Hundred and Fourth Amendment, 2019

(A) Extended the period of reservation of the two Lok Sabha seats reserved for members of the Anglo-Indian community

(B) Restores the powers of the State Governments to identify and specify socially and Economically Backward Classes

(C) Extended by ten years the deadline for the ceasation of reservation of seats in the Lok Sabha and the State Legislative Assemblies

(D) Introduced the National Goods and Services Tax (GST) in India

19. Read the Assertion (A) and Reason (R) and choose the correct answer from the codes given below :

**Assertion (A) :** One of the principles of natural justice is "no man shall be a judge in his own case".

**Reason (R) :** Principle of natural justice requires fair play in action.

**Codes :**

(A) Both (A) and (R) are true and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are true but (R) is not the correct explanation of (A)

(C) (A) is true and (R) is false

(D) (A) is false and (R) is true

18. ભારતના બંધારણનાં એકસો ચારમાં સુધારા ૨૦૧૯ દ્વારા ______

(A) આંગ્લ ભારતીય સમૂહના સભ્યો માટે અનામત રખાયેલી લોકસભાની બે જગ્યાઓનો અનામતનો સમય વધારવામાં આવ્યો

(B) રાજ્ય સરકારોની સામાજીક તેમજ આર્થિક પછાત સમાજને ઓળખવાની અને નકકી કરવાની સતા બહાલ કરવામાં આવી

(C) લોકસભા અને રાજ્યોની વિધાન સભાઓમાં અનામત જગ્યાઓ પૂર્ણ થવાની આખરી તારીખ દસ વર્ષ માટે લંબાવવમાં આવી

(D) ભારતમાં માલ અને સેવા કર (જીએસટી) લાગુ કરવામાં આવ્યો

19. નીચે આપેલ નિશ્ચયચાત્મક વિધાન- (A) અને કારણ-(R)વાંચો અને નીચેના વિકલ્પોમાંથી સાચો જવાબ પસંદ કરો.

નિશ્ચયાત્મક વિધાન- (A) નૈસર્ગિક ન્યાયનો એક સિદ્ધાંત છે. - કોઇપણ વ્યકિત પોતાના સ્વયંના કેસમાં નિર્ણય લેનાર જજ બની શકે નહિ

કારણ-(R) નૈસર્ગિક ન્યાયના સિદ્ધાંતોમાં કાર્યોમાં વાજબીપણાની આવશ્યકતા છે.

વિકલ્પો:

(A) બંને (A) અને (R) સાચાં છે અને (R) એ (A) ની સાચી સમજૂતી છે

(B) બંને (A) અને (R) સાચાં છે પરંતુ (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(C) (A) સાચુ છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

20. Which of the following principles was laid down by the Supreme Court in A. K. Kraipak Vs. Union of India ?

(A) Rule of Law is embedded in Article 14 of the Constitution of India

(B) Judicial review is a part of basis structure of the Constitution

(C) Principles of natural justice are applicable to administrative proceedings

(D) Post-decisional hearing would be sufficient for the observance of principles of natural justice

21. Which of the following is not a primary source of International Law ?

(A) International Treaty

(B) Decision of International court of Justice

(C) International custom

(D) General principles of law recognised by civilised states

22. The admission of a new political entity into the United Nations can be termed as

(A) express recognition

(B) conditional recognition

(C) collective recognition

(D) de-facto recognition

20. નીચે દર્શાવ્યા પૈકી કયો સિદ્ધાંત સર્વોચ્ચ અદાલત દ્વારા એ.કે. ક્રાઈપક વિરૂદ્ધ ભારત સરકારના કેસમાં પ્રસ્થાપિત કરવામાં આવેલો ?

(A) ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ માં કાયદાના શાસનનો ખ્યાલ સમાયેલો છે

(B) ન્યાયિક પુનરાવલોકન એ ભારતના બંધારણના મૂળભૂત માળખાનો ભાગ છે

(C) વહિવટી પ્રક્રિયાઓમાં નૈસર્ગિક ન્યાયના સિદ્ધાંતો લાગુ પડે છે

(D) નૈસર્ગિક ન્યાયના સિદ્ધાંતોના પાલન માટે નિર્ણય કર્યા બાદની સુનાવણી પુરતી ગણાશે.

21. નીચે દર્શાવ્યા પૈકી કયો સ્ત્રોત આંતરરાષ્ટ્રીય કાયદાનો મૂળભૂત સ્ત્રોત નથી ?

(A) આંતરરાષ્ટ્રીય સંધિ

(B) આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલતનો નિર્ણય

(C) આંતરરાષ્ટ્રીય રૂઢિ

(D) નાગરિક રાજ્યો દ્વારા ઓળખવામાં આવેલા કાયદાના સામાન્ય સિદ્ધાંતો

22. સંયુકત રાષ્ટ્રોમાં નવી રાજકીય સંસ્થાના પ્રવેશને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) વ્યક્ત માન્યતા

(B) શરતી માન્યતા

(C) એકત્રિત માન્યતા

(D) હકીકતની માન્યતા

23. Pacta Sunt Servanda means

(A) treaties are accepted in good faith

(B) treaties are revocable

(C) treaties are irrevocable

(D) treaties are not binding

24. Which of the following is not an essential condition for the recognition of belligerents ?

(A) The belligerent authority should be an absolute sovereign

(B) Belligerents have the capacity and will to undertake international obligations

(C) Armed conflict should be of general character

(D) Belligerents occupy and administer a portion of national territory

23. 'પેકટા સેન્ટ સર્વેન્ડા' નો અર્થ શું થશે ?

(A) સંધિઓને શુદ્ધ બુદ્ધિથી સ્વીકારવામાં આવે છે

(B) સંધિઓ રદ કરી શકાય તેવી હોય છે

(C) સંધિઓ રદ કરી ન શકાય તેવી હોય છે

(D) સંધિઓ બંધનકર્તા હોતી નથી

24. યુદ્ધખોરોને માન્યતા આપવા અંગે નીચે દર્શાવ્યામાંથી કઇ બાબત અગત્યની શરત ગણવામાં આવતી નથી ?

(A) યુદ્ધખોર સતા સંપૂર્ણ સાર્વભૌમ હોવી જોઇએ

(B) યુદ્ધખોરોની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ અદા કરવાની શકિત તેમજ ઇચ્છા હોવી જોઇએ

(C) સશસ્ત્ર વિગ્રહ સામાન્ય સ્વરૂપનો હોવો જોઇએ

(D) યુદ્ધખોર દ્વારા રાષ્ટ્રની સરહદનો કોઇભાગ પર કબજો હોવો જોઇએ

25. Read the Assertion (A) and Reason (R) and choose your answer using the codes given below :

**Assertion (A)** : The General Assembly is one of the principal organs which consists of all the members of the United Nations.

**Reason (R)** : The resolution or declaration of the General Assembly are not binding upon the states. They are merely recommendations.

**Codes :**

(A) Both (A) and (R) are right and (R) is the correct explanation of (A)

(B) Both (A) and (R) are right and (R) is not the correct explanation of (A)

(C) (A) is correct and (R) is wrong

(D) (A) is wrong and (R) is correct

26. What are the different modes of settlement of legal disputes ?

i. Amicable means or pacific means of settlement.

ii. Compulsive means or coercive means of settlement.

iii. Intervention by a third State.

Choose your answer using the codes given below.

**Codes :**

(A) only i is true

(B) only ii is true

(C) only i and ii are true

(D) only iii is true

25. નીચેના નિશ્ચયાત્મક વિધાન (A) અને કારણ (R) વાંચો અને તમારો જવાબ નીચે આપેલા વિકલ્પોના આધારે લખો.

નિશ્ચયાત્મક વિધાન-(A) સામાન્ય સભા (જનરલ એસેમ્બલી) એક પ્રમુખ અંગ છે કે જે સંયુક્ત રાષ્ટ્રોના તમામ સભ્યો ધરાવે છે.

કારણ-(R) સામાન્ય સભાના ઠરાવો અથવા જાહેરાતો રાજ્યો ઉપર બંધનકર્તા નથી. તે માત્ર ભલામણો છે.

વિકલ્પો:

(A) બંને (A) અને (R) સાચા છે (R) એ (A) ની સાચી સમજૂતી છે

(B) બંને (A) અને (R) સાચા છે અને (R) એ (A) ની સાચી સમજૂતી નથી

(C) (A) સાચું છે અને (R) ખોટું છે

(D) (A) ખોટું છે અને (R) સાચું છે

26. કાનૂની વિવાદોના નિવારણ માટેના વિવિધ પ્રકારો કયાં-કયાં છે ?

i. શાંતિપૂર્ણ પ્રકારો અથવા પતાવટની શાંત પદ્ધતિ

ii. ફરજ પાડતા / બળજબરી ધરાવતા પ્રકારો

iii. ત્રાહિત રાજ્ય દ્વારા હસ્તક્ષેપ

તમારો જવાબ નીચેના વિકલ્પોના આધારે પસંદ કરો.

વિકલ્પો:

(A) માત્ર i સાચું છે

(B) માત્ર ii સાચું છે

(C) માત્ર i અને ii સાચાં છે

(D) માત્ર iii સાચું છે